# પેથાપુર મામલે ડેમેજ કંટ્રોલ હાથ ધરાયુ

## પેથાપુર લેન્ડ ફિલ્ડ બનાવવાના મુદ્દે મહેસુલ મંત્રી અને મુખ્યમંત્રી સમક્ષ રજુઆતો થશે : ભાજપ દ્વારા ડેમેજ કંટ્રોલ હાથ ધરાતાં કાઉન્સીલરો અને અધિકારીઓ વચ્ચે બેઠકોનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૧૪

પેથાપુર નજીક ડમ્પીંગ સાઈડ બનાવવાના મુદ્દે આજે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી સાથે ચર્ચાઓ માટે બેઠક મળશે. જો કે આજે શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ પુરી સાથે યોજાયેલ બેઠક અનિર્ણિત રહેવા પામી છે.

ગઈકાલે ભાજપમાંથી સામુહિક રાજીનામા આપવાની બાબતને લઈ પક્ષે પણ ડેમેજ કંટ્રોલની કામગીરી પણ હાથ ધરી છે. પ્રભારી પૃથ્વીરાજભાઈ પટેલ અને પૂર્વ મહામંત્રી અને હાલ કિસાન મોરચાના પ્રદેશ મંત્રી હિતેન્દ્ર પટેલને આ જવાબદારી સોંપવામાં આવી છે. આ બન્ને આગેવાનોએ આજે નગરસેવકો સાથે ચર્ચાઓ પણ કરી હતી અને કાઉન્સીલરોએ ચર્ચા માટેની બધી જ સત્તા રણજીતસિંહ વાઘેલાને સુપ્રત કરી છે.

મળતી વિગતો પ્રમાણે સવારે કલેક્ટર સાથે બેઠક યોજાયા બાદ સાંજે અગ્ર સચિવકક્ષાએ આ મુદ્દે બેઠકનો સિલસિલો ચાલ્યો હતો. જો કે બેઠકોમાં લેન્ડફિલ્ડ સાઈડ બનવી જ ના જોઈએ તે વાતે જ મડાગાંઠ યથાવત રહેવા પામી છે.

આજે અગ્રસચિવની અધ્યક્ષતામાં મળેલ બેઠક દરમ્યાન અગ્ર સચિવે એવી ખાતરી આપી હતી કે લેન્ડફિલ્ડ સાઈટ બનવાથી ગંદકી થશે અને પ્રદૂષણ વધશે તેની ચિંતામાંથી મુક્ત રહેવા જણાવી કહ્યુ હતુ કે આ અતિ આધુનિક પ્લાન્ટ હશે એટલુ જ નહિ આસપાસના વિસ્તારોને પણ સારી રીતે ડેવલપ કરવાની સાથે ત્યાં લેન્ડ સ્કેપીંગ કરી અને ટુરિસ્ટ પોઈંટ બને તે રીતે સમગ્ર જગ્યાનો વિકાસ કરાશે. આ ઉપરાંત પેથાપુર નગરના કચરાનો નિકાલ પણ અહિ કરી શકાશે તેમ જ લેન્ડ ફિલ્ડ સાઈટ માટે કોઈપણ પ્રકારનો ખર્ચ પેથાપુર નગરપાલિકા પાસેથી વસુવલવામાં નહિ આવે.

મળતી વિગતો પ્રમાણે પેથાપુરમાં જીઈબી દ્વારા થતા પ્રદૂષણ બાદ હવે લેન્ડફિલ્ડ સાઈટ બનાવી વધુ પ્રદૂષણ ઉભુ નહિ કરવા માટે સમગ્ર નગર એકમત હોવાની વાત નગરપતિ રણજીતસિંહ વાઘેલાએ કરી હતી.





● અનુસંધાન પાન-૭ પર



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

## જિલ્લામાં ખનીજ ચોરીના ૫૮૬ કેસ નોંધાયા : ૪૫૨ કેસમાં દંડ વસુલાયો

જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ખનીજ ચોરીના કેટલા કેસ નોંધાયા છે કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં ખાણ ખનીજ મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં સાદી રેતી, સાદી માટી, બ્લેકટ્રેપ, બિલ્ડીંગ સ્ટોન ,કાર્બોસેલ સહીતના કુલ ૫૮૬ ખનીજ ચોરીના કેસ નોંધાયા છે. જયારે આ પૈકી ૪૫૨ કેસમાં દંડ વસુલાયો છે. જયારે ૮ કેસમાં કોર્ટ કાર્યવાહી ચાલુ છે. ખનીજ ચોરી અટકાવવા માટે જિલ્લામાં ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. જયારે ગાંધીનગરમાં હંગામી ચેક પોસ્ટ પણ કાર્યરત છે. ફલાઈંગ સ્કોવોર્ડ કચેરી દ્વારા અવારનવાર આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવે છે. જયારે જિલ્લા કચેરી દ્વારા પણ તપાસ કરવામાં આવે છે.

- **દારૂના વેચાણ માટે બે વર્ષમાં એકપણ હોટલને પરવાનગી નહીં**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન દારૂ વેચવા માટેની નવી પરવાનગીઓ આપવામાં આવી ? કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં નશાબંધી આબકારી મંત્રીએ આપેલા ઉત્તર મુજબ બે વર્ષ દરમિયાન એક પણ કિસ્સામાં પરવાનગી આપવામાં આવી નથી. જયારે છેલ્લા બે વર્ષમાં પરવાનગી મેળવવા માટે બે અરજી આવી છે.

- **પોલીસ અને તેમના પરિવારજનોના ૪૧૫૦ સભ્યોની આરોગ્ય ચકાસણી**

રાજય પોલીસ અધિકારી કર્મચારી તેમજ તેમના પરિવારજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે કે કેમ બે વર્ષમાં ગાંધીનગર યુનિટમાં પોલીસ અધિક્ષકની કચેરીના કેટલા કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી ? દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના અનુસંધાને મુખ્યમંત્રીએ આપેલા લેખિત જવાબ મુજબ ૪૧૫૦ પોલીસ કર્મચારીઓ તેમજ તેમની પરિવારજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે.

- **શહેરમાં ગરીબો માટે બે વર્ષમાં એકપણ આવાસ બાંધવામાં આવ્યા નથી**

ગાંધીનગર શહેરમાં શહેરી ગરીબો માટે છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસો બાંધવામાં આવ્યા સિધ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયા મુજબ ગાંધીનગર શહેરમાં આ અન્વયે એક પણ આવાસો બાંધવામાં આવ્યા નથી. જયારે ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- **દહેગામ નગરપાલિકાની સફાઇ માટે ૧૯.૪૧ લાખની સહાય**

રાજયની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે સહાય આપવાવી કઈ યોજના અમલમાં છે દહેગામ નગરપાલિકાને સફાઈ માટે કેટલી રકમની સહાય આપવામાં આવી છે ? જેના જવાબમાં જણાંવ્યા મુજબ સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે દહેગામ નગરપાલિકાને કુલ ૧૯.૪૧ લાખની સહાય આપવામાં આવી છે.

- **જિલ્લાના ૪૩૪ એકમોને વ્યાજ સહાય**

જિલ્લામાં એમ એસ એમ ઈ એકમોને વ્યાજ સહાય યોજના

● અનુસંધાન પાન-૭ પર

## મહત્વના પેપરો સરળ નિકળતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાશકારો

### વિજ્ઞાનમાં ૪૨૭ વિદ્યાર્થીઓ ગેરહાજર અને કેમેસ્ટ્રીમાં ૧૭ની હાજરી ઘટી

ગાંધીનગર, તા.૧૪

ધોરણ-૧૦અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં મંગળવારે રજા બાદ આજે વિજ્ઞાન તેમજ રસાયણશાસ્ત્ર જેવા મહત્વના વિષયની કસોટી વિદ્યાર્થીઓએ આપી હતી. જો કે પ્રશ્નપત્ર સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓના માથેથી બોજ હળવો થયો હતો. ધોરણ -૧૦ માં જિલ્લામાંથી ૨૯૪૧૨ વિદ્યાર્થીઓએ વિજ્ઞાનની પરીક્ષા આપી હતી. જયારે ૪૨૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. આ ઉપરાંત ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૫૬૬૯ વિદ્યાર્થીઓએ ભૌતિક વિજ્ઞાન વિષયની પરીક્ષા આપી હતી. જયારે ૧૭ની હાજરી ઘટી હતી. આ ઉપરાંત સામાન્ય પ્રવાહમાં ૫૯૩૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૬૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષાના પ્રારંભિક તબક્કે બન્ને વિષયોની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ રહી હતી. અગાઉ ગુજરાતી અને ભૌતિક વિજ્ઞાનનુ પેપર પણ સરળ નિકળતા વિદ્યાર્થીઓએ રાહત અનુભવી હતી. જયારે વેલ બિગ્નીંગ ઈઝ હાફ ડનના અભિગમ સાથે પરીક્ષાને વેલકમ કરી હતી. જયારે એક દિવસની રજા બાદ આજે પરીક્ષાના બીજા દિવસે ધોરણ -૧૦ અને ૧૨ માં મહત્વના વિષયની કસોટી વિદ્યાર્થીઓએ પાર કરી હતી. જેમાં ધોરણ -૧૦માં વિજ્ઞાન વિષયની કસોટી પણ વિદ્યાર્થીઓ માટે સરળ રહી હતી. જો કે વિજ્ઞાનમાં પરીક્ષાર્થીઓની ગેરહાજરી પણ વિશેષ રહી હતી. જયારે કેમેસ્ટ્રીમાં પણ વિદ્યાર્થીઓ માટે એકંદરે પેપર ઘણુ સરળ પુરવાર થયુ હતુ. જેના લીધે મહત્વના પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ સહીત વાલીઓએ પણ નિરાંતનો શ્વાસ લીધો હતો. શિક્ષણતંત્રના જણાંવ્યા મુજબ જિલ્લામાં હજુ સુધી ગેરરીતીનો એકપણ કેસ નોંધાયો ન હોવાનુ શિક્ષણ તંત્રએ જણાંવ્યુ છે.

## ગર્ભપરીક્ષણનો રિપોર્ટ સમયસર ન કરનાર ૧૨ તબીબોને નોટીસ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા ગર્ભ પરીક્ષણ દરમ્યાન નિયત નમૂનામાં જિલ્લાતંત્રને નિયત સમય-મર્યાદામાં રિપોર્ટીંગ નહિ કરવા માટે ૧૨ જેટલા તબીબો જે સોનોગ્રાફી કરતાને નોટીસ ફટકારવામાં આવી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી પી.સી. એન્ડ ડી.ટી. એક્ટ અન્વયે પ્રસુતિ પહેલાં સારવાર માટે જરૂરી ગર્ભ પરીક્ષણ કરી અને તીબીબી અધિકારીએ નિયત નમૂનામાં જિલ્લાતંત્રને તેની જાણ કરવાની હોય છે. આ માટે જિલ્લાતંત્ર દ્વારા ખાસ લાયસન્સ પણ આપવામાં આવે છે.

વારંવારના મૌખિક આદેશો અને સૂચના પછી પણ અમલમાં વિલંબ થવાના મુદ્દે જિલ્લાતંત્ર દ્વારા આખરે લાલ આંખ કરી અને આવી ઉદાસીનતા દાખવનારા ૧૨ જેટલા તબીબો અને સોનોગ્રાફી સેન્ટરોને નોટીસ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલની અધ્યક્ષતામાં મળેલ ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની ગર્વનીંગ બોડી દરમ્યાન આ વિગતો જાહેર કરાઈ હતી. આજની આ બેઠકમાં માતા મરણનો દર નીચે લાવવા બાબતે પણ ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં માતા મૃત્યુ દર નીચે લાવવા માટે અલાયદો રોડમેપ તૈયાર કરવા માટે પણ સુચના અપાઈ હતી તેમજ તમામ તબીબી અધિકારીઓ દ્વારા નિયમિત રીતે સગર્ભા મહિલાને તપાસવામાં આવે એટલુ જ નહિ હાઈરિસ્ક ગણાતી સગર્ભા મહિલાનું સતત મોનીટરીંગ કરી સારવાર સાથે સફળ પ્રસુતિ થાય તેના પર ધ્યાન કેન્દ્રીત કરવા પણ ચર્ચાઓ થઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી દેસાઈ તેમજ જિલ્લા આરોગ્ય તંત્રના અધિકારીઓ હાજર રહ્યા હતા.



માણસા તાલુકાના આજોલ ગામમાં સ્થિત સિ એમ ડી શાહ હાઈસ્કુલમાં સંત કબીર સ્કુલ વેડાના ધોરણ -૧૦ ના વિદ્યાર્થીએ આજે બેડમાં જ બેસીને વિજ્ઞાન વિષયની કસોટી આપી હતી. ધોરણ -૧૦ ના વિદ્યાર્થી ક્રીન સંજીવકુમાર પટેલને પગે ફેકચર થયુ હોવાના લીધે સળિયા નાંખ્યા છે. જેથી તબીબી પ્રમાણપત્રને ધ્યાને લઈ જિલ્લા શિક્ષણાધિકારીની મંજુરીના અંતે પરીક્ષા કેન્દ્રના બ્લોક -૧ માં પલંગ મુકી ગાદલા અને તકીયા સાથે ડેસ્કની સુવિધા પુરી પાડવામાં આવી હતી. વિદ્યાર્થીએ પોતાની તકલીફને ધ્યાને લઈ પલંગમાં બેઠા બેઠા જ પરીક્ષા આપી હતી. બોર્ડની મહત્વની પરીક્ષા દરમિયાન વિકલાંગ વિદ્યાર્થીઓ માટે પણ વિશેષ નીચેના સ્થળે અલાયદી બેઠક વ્યવસ્થા ગોઠવી લહીયાની સુવિધા પણ પુરી પાડવામાં આવે છે. જયારે માણસા તાલુકાના આ વિદ્યાર્થીને પગમાં થયેલી ઈજાને ધ્યાને લઈ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ખાસ કિસ્સામાં આ પ્રકારની મંજુરી આપવામાં આવી છે.

## નર્મદાની જળસપાટી ઘટના આજથી ખેડૂતોને નર્મદાનું પાણી નહિ મળે

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં પીવાના અને સિંચાઈના પાણીની મુશ્કેલીની શરૂઆત થઈ ચૂકી છે. ઉનાળો શરૂ થતાં વીજળી અને પાણીનો વપરાશ વધ્યો છે ત્યારે રાજ્ય સરકારે એક નિર્ણય કરીને એવું જણાવ્યું છે કે નર્મદા ડેમમાં પાણીની ઘટતી જતી સપાટી વચ્ચે ગુજરાતના ખેડૂતોને આવતીકાલ એટલે કે ગુરૂવારથી પાણી નહીં મળે. નર્મદા ડેમની પાણીની સપાટીમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ડેમની હાલની સપાટી ૧૦૫.૮૧ મીટર છે. ૧૫મી માર્ચથી ખેડૂતોને પાણી આપવાનું બંધ કરાશે. આઈબીપીટી ટનલમાંથી પણ પાણીનો ઘટાડો કરવામાં આવ્યો છે.

આઈબીપીટી ટનલમાંથી ૯૫૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે જ્યારે નર્મદા નદીમાં ગોડબોલે ગેટમાંથઈ ૫૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. ડેમમાં પાણીની આવક ૨૫૭૪ ક્યુસેક છે. પ્રતિદિન પાણી ખેંચાતા તંગી સર્જાય તેવી સંભાવના છે. ગુજરાત સરકારે ખેડૂતોને આગ્રહ કર્યો છે કે નર્મદાની કેનાલમાં ગેરકાયદે પમ્પ મૂકીને પાણી ખેંચવામાં ન આવે. રાજ્ય સરકાર પાણીની સ્થિતિ પર સતત વોચ રાખી રહી છે. ભારતમાં ચોમાસાની સિઝનને હજી ત્રણ મહિનાનો સમય છે ત્યારે સરકારે અનામત પાણી પીવાના ઉપયોગ માટે અનામત રાખવાનો નિર્ણય લીધો છે.

## મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં લેવાયેલા કેટલાક મહત્વના નિર્ણયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ સોલાર સ્ટ્રીટલાઈટ પોલ એન્ડ ઈન્સ્ટોલેશનની કામગીરીને મંજૂરી આપી છે.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં થયેલ ચર્ચાઓ મુજબ આ પોલ્સમાં બેટરી નહિ હોય અને ઓટોમેટીક ઓપરેશન હશે. આજની બેઠકમાં સફાઈ કામદારોના વારસદારોને રહેમ રાહે સમાવવાની કમિશ્નરની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે. સે. ૨૮ના બાલોદ્યાનના નવીનીકરણની મુદતમાં વધારો કરવા ઉપરાંત તેના કેટલાક કામોના ખર્ચને વધારો મંજૂર કરી આપવાની વાતને બહાલી અપાઈ છે.

આ ઉપરાંત સે. ૨૪ ખાતે વર્મી કમ્પોઝ્ટ માટે શેડ તેમજ સીસીરોડની કામગીરી કરવા માટેના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી છે. આ બેઠકમાં વિવિધ સત્તાઓની સોંપણીની દરખાસ્તને પણ મંજૂરીની મહોર મારવામાં આવી છે.

## ધોરણ -૧૦માં વિજ્ઞાનનું પેપર સરળ અને સહેલુ

### કેમેસ્ટ્રીમાં ચાર પાંચ એમ સી ક્યુને બાદ કરતા પેપર સરળ નિકળ્યુ

ગાંધીનગર તા ૧૪

બોર્ડની પરીક્ષામાં આજે ધોરણ -૧૦ ના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન વિષયની કસોટી આપી હતી. જો કે વિજ્ઞાનનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. એમ સી ક્યુસરળ અને પુસ્તક આધારિત હતા. જયારે ચાર થી પાંચ જેટલા પ્રશ્નો ઉત્તર આપવામાં સમય માંગી લે તેવા હતા.જો કે પેપર એકંદરે સરળ હોવાથી નબળા વિદ્યાર્થીઓ પણ સ્કોર કરી શકે તેવુ પેપર પુરવાર થયુ હતુ. ધોરણ -૧૦ માં આજે બીજા દિવસે વિજ્ઞાન વિષયની કસોટી પણ વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓમાં ખુશી વ્યાપી હતી. આ અંગે વિષય નિષ્ણાંત કીશોરસિંહ રાજપુતે પ્રશ્નપત્ર અંગે જણાંવ્યુ હતુ કે ૫૦ ગુણના એમ સી ક્યુ પાઠયપુસ્તક આધારિત અને સરળ હતા. જયારે આ પૈકી ચારથી પાંચ પ્રશ્નો સમજવામાં સમય માંગી લે તેવા હતા. વિભાગ અ માં બે એમ સી ક્યુ દાખલા આધારિત પુછાયા હતા. આ ઉપરાંત વિદ્યુત આધારિત દાખલો પણ પુછાયો હતો. પાર્ટ બી માં ત્રણ પ્રશ્નો આકૃતિવાળા પુછાયા હતા જયારે વારંવાર પુછાતા પ્રશ્ન અરીસાનુ સુત્ર , ક્ષારણ અટકાવવાના ઉપાયો પાચનતંત્રનો પ્રશ્ન પુછાતા વિદ્યાર્થીઓ હરખાયા હતા. નબળા વિદ્યાર્થીઓ પણ વિજ્ઞાન વિષયમાં સારો સ્કોર કરી શકે તેવુ પેપર હોવાનુ પણ તેમણે જણાંવ્યુ છે.

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે વિદ્યાર્થીઓ રસાયણ વિજ્ઞાનની પરીક્ષા આપી હતી. જયારે રસાયણ વિજ્ઞાનનુ પેપર એકંદરે સરળ રહયુ હતુ. ૫૦ ગુણના એમ સી ક્યુ પણ સરળ હતા. વિષય નિષ્ણાંત એચ આર પંડયાએ આ અંગે જણાંવ્યુ હતુ કે જો કે ચાર થી પાંચ એમ સી ક્યુ વિદ્યાર્થીઓ માટે અટપટા રહયા હતા. જો કે પ્રશ્નો પુસ્તક આધારિત હતા. ૨ ગુણના થિયરીના પ્રશ્નો પણ સરળ હતા. જયારે બે પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ મુંઝાયા હતા.

**બેસણું**



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
**સ્વ. દિવ્યાબેન પ્રબોધભાઈ રાવલ**
તા.૧૦-૦૩-૨૦૧૮ના રોજ દેવલોક પામેલ છે.
સદ્‌ગતની પ્રાર્થના સભા તા.૧૫-૦૩-૨૦૧૮ને ગુરુવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાકે નીચે જણાવેલ સ્થળે રાખેલ છે.
સ્થળ : ગુજરાત યુનિવર્સિટી કન્વેશન અને એક્ઝીબીશન હોલ
હોલ નં.૨, ગેટ નં.૩, અંધજન મંડળ રોડ,
જીએમડીસી બિલ્ડીંગ પાસે, અમદાવાદ
લિ.
ચેતન પ્રબોધભાઈ રાવલ
દેવરાજ ચેતન રાવલ
સ્વાતિ રાજીવ લાલ — ડાયેના ચેતન રાવલ
સાધના હરદીપ ભટ્ટ — ધારા દેવરાજ રાવલ
માધવી પંકજ જૈન — કવિશા ચેતન રાવલ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com